લોકમેળાની ગ્રામ્ય સંસ્કૃતિ 'ડોલ મેકીંગ આર્ટ'માં ઝળકી

બે બાઈક ટકરાતા એએસઆઈનું મોત

સચિવાલયના ગેટ નં. ૭ સામે અકસ્માત સર્જાયો : એએસઆઈ વિધાનસભા બંદોબસ્તમાં ઓન ડયુટી હતા

ગાંધીનગર, તા.૨૫

શહેરના ચ માર્ગ પર સચિવાલયના ગેટ નં. ૭ની સામે આજે સવારના અરસામાં બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક બાઈક પર વિધાનસભાનાં બંદોબસ્તમાં ઓન ડયુટી એએસઆઈ હતાં. જેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ગાંધીનગર સિવિલ હોસ્પીટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં જયાં તેમનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. બીજી તરફ બીજા બાઈકનો ચાલક યુવાન પણ હોસ્પીટલાઈઝડ છે. સેકટર-૭ પોલીસે આ ગુનો દાખલ કરીને ગુનાની તટસ્થ તપાસ શરુ કરી છે. માર્ગ અકસ્માતમાં પોલીસ જવાનના મૃત્યુથી જિલ્લા પોલીસ બેડામાં શોકની લાગણી છવાઈ ગઈ હતી.

વિધાનસભાના બજેટ સત્રને પગલે ગાંધીનગરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ બંદોબસ્તમાં જ તૈનાત અડાલજ પોલીસ સ્ટેશનના એક ૫૫ વર્ષીય એએસઆઈ અહેમદમીયા મોતીમીયા પરમાર તેમનું બાઈક લઈને ચ માર્ગ પર સચિવાલયના ગેટ નં. ૭ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આઈ.ટી. કંપનીમાં નોકરી કરતા એક યુવાનનું સી.બી.ઝેડ બાઈક તેમના બાઈક સાથે જબરદસ્ત રીતે ટકરાઈ ગયું હતું. જેમાં બાઈકનો ખુડદો થઈ ગયો હતો. જયારે બંને બાઈકમાં સવારો ગંભીર રીતે ઘવાયા હતાં. એએસઆઈ અને યુવાન બંનેને તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા જયાં ગંભીર હાલતમાં જવાન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહેલા એએસઆઈ એ દમ તોડયો હતો. સેકટર-૭ પોલીસે અકસ્માત અંગે ગુનો દાખલ કરીને તપાસ આરંભી છે.

રાજુલાના ધારાસભ્યએ ગાડી રોકીને ઘાયલને હોસ્પિટલ ખસેડયા

ચ-માર્ગ પરથી વિધાનસભામાં જઈ રહેલા રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ અકસ્માત જોતા જ પોતાની ગાડી ઉભી રખાવી દીધી હતી અને ગાડીમાંથી ઉતરીને ગંભીર રીતે અકસ્માતમાં ઘવાયેલા એએસઆઈ તથા અન્ય યુવાનને ૧૦૮ બોલાવીને સારવાર માટે ખસેડયા હતાં.

હેલ્મેટ પહેર્યું હોવાથી યુવાનનો જીવ બચી ગયો...!!

આ અકસ્માતને જોતા આઈટી કંપનીમાં નોકરી કરતા યુવાન કે જેનું સીબીઝેડ બાઈક એએસઆઈના બાઈક સાથે ટકરાઈને ડીવાઈડરમાં

ઘૂસી ગયું હતું તે યુવાનના બાઈકનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. જો કે યુવાને હેલ્મેટ પહેર્યું હોવાથી માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેનો જીવ બચી ગયો હોવાનું ધ્યાને આવ્યું છે. યુવાનનું હેલ્મેટ પણ એ રીતે ઘસાઈ ગયું છે કે તે હેલ્મેટના બદલે જો યુવાનનું માથુ ઘસાયું હોત તો માથાની શું હાલત થાત તે તો કલ્પના કરવી જ રહી...! તો બીજી તરફ એએસઆઈએ હેલ્મેટ પહેર્યું ન હોવાથી માથે થયેલી ગંભીર ઈજાને કારણે મૃત્યુ થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે.

@ગાંધીનગર

● સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા મુકેશ ભટ્ટની ભજન સંધ્યા કાર્યક્રમ શેઠ ખીમજી વિસરામ હોલ, ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ કડી કેમ્પસ ખાતે સાંજે ૭.૩૦ કલાકે યોજાશે.

● શહેરના સેકટર-૨-સી પ્લોટ નં. ૧૫૮૮/૨ ખાતે રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે.

● તાવરિયાજી ગ્રુપ ગાંધીનગર દ્વારા સવારે ૮.૦૦ કલાકે સે-૧૨, બલરામ મંદિર ખાતે લયબધ્ધ શ્વસન સ્વાસ્થ્ય શિબિર યોજાશે.

● રંગોલી સ્કૂલ દ્વારા બપોરે ૩.૧૫ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવનો કાર્યક્રમ યોજાશે.

● સેકટર-૨૨ જૈન દેરાસરના આરાધના ભવન ખાતે સવારે ૯ થી ૧૦ કલાક દરમિયાન પૂ. આચાર્ય કલ્યાણબોધી સૂરીશ્વરજી મ.સા.નું જાહેર પ્રવચન યોજાશે.

- નજાહખાનમ સૈયદ

વાતવાતમાં

● ગાંધીનગરમાં છેલ્લા એક માસમાં પાણીની પાઈપલાઈનમાં લીકેજના ત્રણથી ચાર બનાવો બન્યા છે. ઉપરા છાપરી લીકેજના બનાવોએ પાણી વિભાગના કર્મચારીઓનું 'પાણી' માપતા હોય તેમ શિરદર્દ સમાન બની જવા પામ્યાં છે.

● આજે 'ચ' રોડ અને ચિલોડા નજીક સર્જાયેલા બંને અકસ્માતમાં હેલ્મેટ ના પહેરવાના કારણે બે યુવાન વ્યકિતઓએ પોતાનો જીવ ખોયો છે. ચ રોડ પર સર્જાયેલા અકસ્માતમાં તો અન્ય એક સ્પોર્ટસ બાઈક સવારના બાઈકનો સંપૂર્ણ ખુડદો બોલી જવા છતા હેલ્મેટ પહેરેલુ હોવાથી તેના ચાલકનો બચાવ થયો છે.

● ગાંધીનગરમાં એક તરફ વસંતોત્સવ ચાલી રહ્યો છે અને બીજી તરફ પાનખરની મૌસમનો પણ પ્રારંભ થઈ ચુકયો છે. નગરના મુખ્ય માર્ગો પર બંને સાઈડ પાનખરના કારણે સૂકાં પાંદડાઓની ચાદર બીછાયેલી જોવા મળે છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

ક્રિએટીવ કલબ દ્વારા નિ:શુલ્કપણે આરોગ્ય કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ક્રિએટીવ કલબ ઓફ ગાંધીનગર દ્વારા તા. ૨૭મી ફેબ્રુઆરીને શનિવારના રોજ બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન સેકટર-૬-ડી, કિષ્ના વૃદ્ધાશ્રમ ખાતે નિ:શુલ્કપણે આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંસ્થા દર મહિને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી હોય છે. તેમજ આ આરોગ્ય નિદાનમાં ભાગ લેવા ઈચ્છુકોએ ફોન નં. ૯૦૩૩૦ ૨૫૨૮૩નો સંપર્ક કરવા જણાવાયું છે.

શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા તાલિમ વર્ગનું આયોજન

ગાંધીનગર, તા.૨૫

શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર (સે.૧૭ બ્લોક નં-૧૪૬/૪, ચ ટાઈપ) અને શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર અને અન્ય સંસ્થાઓના સહયોગથી આગામી નજીકના સમયમાં ગુજરાત સરકાર દ્વારા પો.સબ.ઈન્સ અને પોલીસ કોન્સ્ટેબલની મોટા પ્રમાણમાં ભરતીની જાહેરાત કરવામાં આવી છે. જેને પગલે સમાજના યુવાનોને વહેલા માર્ગદર્શન વર્ગો, ફીઝીકલ ટ્રેઈનીંગ સાથે ચાલુ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તાલિમ ઈચ્છુક ઉમેદવારોની નોંધણી માટે તા. ૬ માર્ચના રોજ સવારે ૧૦ કલાકે સમાજના કાર્યાલય ખાતે આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં વસતા રાજપૂત સમાજના વિદ્યાર્થીઓ તેમજ પરિવારજનોને નોંધ લેવા અને વધુ માહિતિ માટે ફોન નં - ૦૭૯ - ૨૩૨૨૬૪૪૪ પર સંપર્ક કરવા સંસ્થાના કાર્યાલય મંત્રીએ અનુરોધ કર્યો છે.

તાજેતરમાં શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ચાલુ વિધાનસભા સત્રની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. આ દરમિયાન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે બાળકોની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કન્યા કેળવણી અભ્યાસ, ચારીત્ર ઘડતર અને ઉચ્ચકક્ષાના શિક્ષણ દ્વારા સમાજ સેવા અને દેશ સેવા કરવાનું આહવાન કર્યું હતું. શાળાના ૨૮૫ વિદ્યાર્થીઓ અને ૫ શિક્ષકોએ શૈક્ષણિક મુલાકાતમાં શિક્ષણને લગતી જાણકારી મેળવી હતી.

સિસિકાની માસિક સભામાં શ્રી આર.કે. સત્યાનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૨૫

સિનિયર સિટીઝન્સ કાઉન્સીલની ફેબ્રુઆરી માસની માસિક સભા તા. ૨૯મીના સોમવારે સાંજે સાડા ચાર વાગે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી સેકટર-૭ ખાતે મળશે. સભા સમાપ્તી બાદ સ્વ. શ્રી એચ.કે. મેવાડા તથા સ્વ. શ્રી એમ.ડી.પટેલ વ્યાખ્યાન માળા અંતર્ગત શ્રી આર.કે. સત્યા આઈ.એ.એસ.નું 'ગાંધીનગરનું ભાવિ મારી નજરે' વિષય પર વ્યાખ્યાન આપશે. તો સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા મંત્રી શ્રી જીવણલાલ શાહ-સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગરે જણાવેલ છે.

પોલીસ સ્ટેશન નજીકના બંધ મકાનમાં ધોળે દિવસે ઘરફોડ

ગાંધીનગર, તા.૨૫

શહેરના સેકટર-૨૧ પોલીસ સ્ટેશનથી નજીકમાં જ આવેલા છ ટાઈપના સરકારી મકાનમાં આજે બપોરે ૧૧ થી ૧ના સમયગાળા દરમિયાન ઘરફોડીયા ત્રાટકયા હતા. મકાન માલીક મકાનને તાળુ મારીને બહાર ગયા અને પરત આવ્યા ત્યાં સુધીમાં તસ્કરો દરવાજાનું તાળુ તોડી અંદરથી રોકડ તથા દાગીના મળી કુલ રૂ. ૪૮૩૦૦ની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મકાન માલિકની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે દિવસની ઘરફોડ અંગે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૨૧માં છ ટાઈપ બ્લોક નં. ૫/૮ ખાતે રહેતા દિપકભાઈ ધનજીભાઈ પ્રજાપતિ આજે સવારે ૧૧ વાગ્યે પોતાના મકાનને તાળુ મારીને પરિવાર સાથે બહાર ગયા હતા. બપોરે એક વાગ્યે બે કલાકમાં તેઓ પરત આવ્યા ત્યાં સુધીમાં ઘરફોડીયાઓએ તેમના બંધ મકાનને શિકાર બનાવી દીધું હતું. બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડીને તસ્કરો અંદરની તિજોરીમાંથી રૂ.૮૦૦ રોકડા તથા સોના ચાંદીના દાગીના મળીને કુલ રૂ. ૪૮૩૦૦ની મત્તાની ઉઠાંતરી કરી ગયા હતાં. દિપકભાઈ ધનજીભાઈ પ્રજાપતિની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. બી.જી. યાદવે તપાસ શરુ કરી છે.

આજે એમ.બી. પટેલ સ્કૂલનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સે-૨ ઉમાંકડી સર્વ વિદ્યાલય સંકુલની એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ તથા એસ.જી.ઈંગ્લીશ મિડિયમ પ્રા. સ્કૂલના વાર્ષિકોત્સવ તથા ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ તા. ૨૬મી ફેબ્રુઆરી શુક્રવારે સવારે ૮.૩૦ કલાકે સંકુલના ખિમજી વિસરામ હોલ ખાતે યોજાશે.

વાર્ષિકોત્સવ તથા ઈનામ વિતરણ સમારોહમાં પ્રમુખપદે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલ તથા મુખ્ય અતિથિ પદે જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત અતિથિવિશેષ પદે દાતા નારાયણભાઈ ગોપાલભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં તેજસ્વી બાળકોને ઈનામ વિતરણ ઉપરાંત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવશે.

રેડીયન્ટ સ્કૂલના વાર્ષિકોત્સવની ધામધૂમથી ઉજવણી

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના ન્યું ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આવેલી રેડીયન્ટ સ્કૂલના વાર્ષિકોત્સવની ઉજવણી શહેરના ટાઉનહોલ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળામાં અભ્યાસ કરતા ૧૦૦ થી વધુ બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી ઉપસ્થિત લોકોના મન મોહી લીધા હતા. શાળાના ધોરણ ૧૦ અને ૧૨ ના તેજસ્વી તારલાઓનું સન્માન કરી શિલ્ડ આપી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ, વિદ્યાર્થીઓ, શાળાના સંચાલકો, શિક્ષકો મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને માણ્યો હતો.

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે સરગાસણ વિસ્તારમાં આવેલ રેડીયન્ટ સ્કૂલના એન્યુઅલ ડે પ્રસંગે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોતમ રુપાલા, જાણીતા સાહિત્કાર દોલતભાઈ ભટ્ટ, શહેરના મેયર હંસાબેન મોદી, મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ સહિતના આમંત્રિત મહેમાનોએ દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધનમાં ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરષોતમ રૂપાલાએ જણાવ્યું હતું કે અત્યારના હાલના સમયે દરેક શાળામાં વિવિધ ડે ની ઉજવણી કરવામાં આવી રહી છે તેમ આ વાર્ષિક ડે ની પણ ઉજવણી દરેક શાળા કરે છે. તેઓએ ગુજરાતી ભાષાને પ્રેમ કરો કારણ કે ગુજરાતી ભાષામાંથી કંસુબીનો રંગ સાંભળવા મળશે તેમજ કાનુડાની મોરલીના સુર સંભળાશે. માતૃભુમિ, માતા અને ગુજરાતી ભાષાને ભુલી ન જતા તેમ વિદ્યાર્થીઓને કહ્યું હતું. શાળા સંચાલકો દ્વારા ઉપસ્થિત મહેમાનોનું બુકે અને બુકે આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આગળ વધતા બાળકોએ દુર્ગા પૂજા, ક્રીસમસ, જન્માષ્ટમી, ઓણમ, યોગ, રાજસ્થાની ડાન્સ, હોલી ડાન્સ, કાઠીયાવાડી રાસ, પંજાબી ભાંગડા, મરાઠી ડાન્સ, હુડો, સહિત ફિલ્મી ગીત સંગીતની સુરાવલીઓ વચ્ચે બાળકોએ સુંદર પ્રસ્તુતી કરતા ટાઉનહોલમાં હાજર સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. બાળકોએ ભારતના રાજયની વિવિધ સંસ્કૃતિના દર્શન કરાવ્યા હતા. આ પ્રસંગે બાળકો, વાલીગણ, શાળા સંચાલકો, કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં જે.બી. પ્રાથમિક શાળાના બે વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ

ગાંધીનગર, તા.૨૫

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા સમિતિ શાંતિકુંજ હરિદ્વાર દ્વરા દર વર્ષે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ૩૬૨ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી સફળતા પ્રાપ્ત કરી છે. જેમાં ધોરણ-૬ના પટેલ ધ્રુવિલ નીતિનકુમાર, પંચાલ હિત જતીનભાઈ સર્વશ્રેષ્ઠ ગુણાંકન પ્રાપ્ત કરી રાજયકક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષા માટે પસંદગી પામ્યા છે. શાળાનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીઓને આચાર્ય શ્રીમતી નીવાબેન પટેલે અભિનંદન પાઠવ્યા છે.

લોકમેળાની ગ્રામ્ય સંસ્કૃતિ 'ડૉલ મેકીંગ આર્ટ'માં ઝળકી

ગાંધીનગરના પ્રસિધ્ધ આર્ટીસ્ટ હરીન ભટ્ટે તૈયાર કરેલ ૬ ઈંચની હેન્ડમેડ વાયર-આર્મેચર પ્રતિકૃતિએ આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના જાણીતા ડૉલ મેકર અને સ્કલ્પ્ચર આર્ટીસ્ટ હરીન ભટ્ટ દ્વારા વાયર આર્મેચર ડૉલ મેકીંગ આર્ટ અંતર્ગત ગ્રામ્ય સંસ્કૃતિની ઝાંખી દર્શાવતી ખૂબ જ નયનરમ્ય પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. સંપૂર્ણપણે ગામઠી સંસ્કૃતિ અને ઉત્સવને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલ આ પ્રતિકૃતિએ વિઝયુઅલ ડિસ્પ્લે યુનિટ ક્ષેત્રે આકર્ષણ જન્માવ્યું છે.

હાલ ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે દેશભરના કલાકારો દ્વારા વિવિધ સાંસ્કૃતિક પરંપરાની ઝલક સમો વસંતોત્સવ ઉજવાઈ રહ્યો છે. વસંતોત્સવમાં રજૂ કરાતા પૌરાણિક અને પારંપરિક નૃત્યોનું ઘેલું નગરજનોને લાગ્યું છે. વસંતોત્સવ એ અર્વાચીન સમયનો ખૂબ જ લોકપ્રિય 'લોકમેળો' સાબિત થઈ રહ્યો છે. આમ પણ પૌરાણિક સમયમાં લોકમેળામાં પરિવાર સહિત મનોરંજન માણવા જવાનો શિરસ્તો તો જે અહીં પણ જળવાયેલો જોવા મળે છે. ફર્ક માત્ર વાહનનો છે.

હરીન ભટ્ટ દ્વારા તૈયાર કરાયેલ ૬ ઈંચની વાયર આર્મેચર ડૉલમાં લોકમેળાનું પારિવારિક મહ્ત્વ ધ્યાનમાં રાખીને ઊંટગાડીમાં બેસીને ઉત્સવ માણવા જઈ રહેલ પરિવાર દર્શાવાયું છે. સંપૂર્ણ પણે હાથ બનાવટથી તૈયાર કરાયેલ આ પ્રતિકૃતિ વિઝયુઅલ ડિસ્પ્લે યુનિટ ક્ષેત્રે વાયર આર્મેચર ટેકનિકનો બેનમૂન નમૂનો છે. આ પ્રતિકૃતિ તૈયાર કરનાર આર્ટીસ્ટ હરીન ભટ્ટ રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા કલાકાર છે. તેમણે જણાવ્યું હતું કે યુરોપમાં ઘરોમાં 'ડૉલ હાઉસ' રાખવાનો કોન્સેપ્ટ જોવા મળે છે. જેમાં વિવિધ પ્રોફેશનની ડૉલ્સ ડૉલ હાઉસમાં સજાવાય છે. ભારતમાં આ પ્રકારના કલ્ચરની શરૂઆત ધીમે ધીમે થઈ રહી છે. જો કે ભારતમાં ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસા આધારિત ડૉલ્સની માંગ વધુ રહેતી હોય છે એટલે આ ક્ષેત્રે તેઓ ખાસ ધ્યાન આપી રહ્યાં છે.

ગાંધીનગર જિલ્લા દલિત સેનાની શનિવારે સરકીટ હાઉસમાં બેઠક

ગાંધીનગર, તા.૨૫

ભારત રત્ન, મહામાનવ, બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે તા. ૨૭મી ફેબ્રુઆરીના બપોરે એક વાગે સરકીટ હાઉસ સેકટર-૧૯માં ગાંધીનગર જિલ્લા દલિત સેનાની બેઠક રાખવામાં આવેલ છે. ૨૧મી માર્ચ, ૯મી એપ્રિલના રોજ અમદાવાદ અને સૂરતમાં મહારેલીના આયોજન માટે ભાવિ કાર્યક્રમો યોજવા, સંગઠન વિશે તેમજ દલિતોના પ્રશ્નો વગેરેના આયોજન માટે બેઠક રાખેલ છે. દલિત સેનાના ગુજરાત પ્રદેશના પદાધિકારીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે તેમ ગાંધીનગર જિલ્લા પ્રમુખશ્રી બી.એમ. મેસરવાલા અને ઉપપ્રમુખ શ્રી દાનાભાઈ કે. મિસ્ત્રીએ જણાવેલ છે.

ચિરવિદાય

- સ્વ. કનુભાઈ કેશાભાઈ પરમાર, ઉ.વ. ૪૫
- સ્વ. મણીબેન શંકરભાઈ પટેલ, ઉ.વ. ૯૫
- સ્વ. ચંદ્રકાન્ત લક્ષ્મણ ભાવશંકર, ઉ.વ. ૬૯